પૂર્વછાયો- ધ્યાન ધારણા અતિ ઘણી, લીયે સમાધિયે જન સુખ।
જોઈ પ્રતાપ મહારાજનો, દિલમાં ન મનાય દુઃખ ॥૧॥

ચોપાઇ- એવો પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, દેખી દાસને આનંદ આવ્યો।
સર્વે જનને ચડી ખુમારી, નિર્ખિ સહજાનંદ સુખકારી ॥૨॥
બોલે મસ્તિમાંહિ અતિ મોટું, એક સ્વામી સત્ય બીજું ખોટું।
સ્વામી મળ્યે કલ્યાણ છે કોટ્ય, બીજી વાતમાં આવશે ખોટ્ય ॥૩॥
જ્યારે સેવશો સ્વામીનાં ચરણ, ત્યારે જાશે જનમ ને મરણ।
બીજે શીદ રહ્યા છો બંધાઈ, મેલો મત આવો સંતમાંઈ ॥૪॥
મદ્ય માંસ દારૂ ચોરી મેલી, આવો સત્સંગમાં મટો ફેલી।
ગાંજા ભાંગ્ય મફર કેફ મેલી, મેલો માજમ લસણ ડુંગળી ॥૫॥
પય પાણી ગળી વળી પીજે, સતસંગમાં એ રીત્યે રહીજે।
એવી વાત કરે સંત સહુ, સુણી થાય સતસંગી બહુ ॥૬॥
વળી ગુરૂ જે સત્ય અસત્ય, તેની દેખાડે પાડી વિગત્ય।
સાધુ અસાધુની ઓળખાણ, તેનાં દેખાડે સર્વે એંધાણ ॥૭॥
સર્વે શાસ્ત્રતણી સાંખ્ય લાવી, દિયે અસાધુને ઓળખાવી।
કહે અસાધુથી ન સરે અર્થ, એતો લેવાને બેઠા છે ગર્થ ॥૮॥
માટે સતસંગ સહુ કરો, શીદ લખ ચોરાશીમાં ફરો।
એવી વાત શ્રવણે સાંભળી, સર્વે અસાધુ ઉઠિયા બળી ॥૯॥
પ્રથમ ભેખમાં દ્વેષ જ પેઠો, કળિ મળી એને ઘેર બેઠો।

જીયાં તિયાંથી ઉઠ્યા છે બળી, માંડ્યા સંતને મારવા મળી ॥૧૦॥
જોજ્યો જીવનમુક્તાનું જોર, આપણને કીધા ચોખા ચોર ।
આપણા શિષ્ય પ્રમોદી લીધા, દઈ ઉપદેશ પોતાના કીધા ॥૧૧॥
માટે આજથી સહુ એમ ધારો, જેને જ્યાં મળે ત્યાં એને મારો ।
લઈ લુગડાં તુંબડાં ફોડો, વળી સદાવ્રત એનાં તોડો ॥૧૨॥
એમ પરિયાણી અસુરસેના, મારે સાધુને વાંક જ વિના ।
ગર્જ ગિધ ને શ્વાન શિયાળ, કાક ચિલ એ વર્ણ ચંડાળ ॥૧૩॥
એની જણાય જુજવી જાત્ય, મળે મારણે છે એક નાત્ય ।
એમ દામ વામે ફેલે એક, એવા ભેળા થયા છે અનેક ॥૧૪॥
આવ્યા જાયગા ઉપર મળી, માંડ્યા સાધુને મારવા વળી ।
નાખે ગેડી ધોકા ને લાકડી, કરી ઝાઝી પથરાની ઝડી ॥૧૫॥
તેતો સાધુએ શરીરે સહ્યું, અતિ નિરમાનિવ્રત ગ્રહ્યું ।
અસંતે અસંતપણું કરી, પછી ગયા એ સર્વે ફરી ॥૧૬॥
પછી સ્વામી કહે સુણો સંત, આતો ભેખે ઉપાડ્યું અતંત ।
આપણે તો ખમ્યા ઘણું ઘણું, કોણે ન કર્યું ઉપર આપણું ॥૧૭॥
હવે સદાવ્રતનું શું કામ, મેલો ઉપાડી મ પુછો નામ ।
જ્યારે પ્રભુને ગમીયું એમ, ત્યારે આપણે કરવું તેમ ॥૧૮॥
ત્રોડ્યાં સદાવ્રત તેહ કાળે, પછી બાંધી મંડળી દયાળે ।
સંતો વિચરો દેશવિદેશ, જેમ છે તેમ રાખજ્યો વેશ ॥૧૯॥
વર્તજ્યો પંચવ્રત પ્રમાણે, જે કોઈ લખ્યાં છે વેદ પુરાણે ।
અષ્ટભાત્યે ત્રિયા ધન ત્યાગ, રાખજ્યો ઉરે અતિ વૈરાગ ॥૨૦॥
સુંદર મૂરતિ રાખજ્યો સારી, તેને પૂજજ્યો પ્રેમ વધારી ।
બહુ વિધનાં વાજાં વજાડી, કરજ્યો આનંદે ઉત્સવ દહાડી ॥૨૧॥
કથા કીર્તન વાત કરજ્યો, એમ દેશવિદેશે ફરજ્યો ।
અન્ન વસ્ત્ર જે આપશે તમને, તેતો નહિ જાય હાથ જમને ॥૨૨॥
વળી વાત તમારી સાંભળશે, તેનાં જન્મમરણ દુઃખ ટળશે ।
ભાવે કરશે તમારું દર્શન, તેનું થાશે નિરમળ મન ॥૨૩॥

માટે મોટો ઉપકાર એહ, તમારે પણ કરવો તેહ ।
પછી સંત રાજી સહુ થયા, માગી આગન્યા ફરવા ગયા ॥૨૪॥
ફર્યા સોરઠ દેશ હાલાર, પછી આવ્યા પંચાળ મોઝાર ।
ભાળ્યો ભાલ ને ગુર્જરદેશ, કર્યો સિધ્ધપુરે પરવેશ ॥૨૫॥
થયો સિધ્ધપુરનો સમૈયો, કર્યો ઉત્સવ ન જાય કહ્યો ।
સર્વે સંત હતા હરિભેળા, મહારાજે કરી મોટી લીલા ॥૨૬॥
સારો સંત મહારાજે સમૈયો, કર્યો સિધ્ધપુરનો તે કહ્યો ।
પછી પોતે સોરઠમાં આવ્યા, મેઘપુરમાં વિપ્ર જમાવ્યા ॥૨૭॥
રાખ્યા બ્રાહ્મણને ષટ્ માસ, જમીજમીને થયા ઉદાસ ।
પછી વૃંદાતણો વિવાહ કરી, આવ્યા કાઠિયાવાડ્યમાં ફરી ॥૨૮॥
સુંદર સારું કારિયાણી ગામ, ભક્ત વસે તિયાં માંચો નામ ।
તેને ઘેર પધાર્યા મહારાજ, કરવા અનેક જીવનાં કાજ ॥૨૯॥
માંચે બહુ કરી મનુવાર, જુક્તે જમાડ્યા પ્રાણઆધાર ।
પછી પાસે બેઠા જોડી પાણ, બોલ્યા મહારાજ પ્રત્યે સુજાણ ॥૩૦॥
નાથ અમારા કુળમાં એક, નામ એભલ જાણે વિવેક ।
તેનો પવિત્ર છે પરિવાર, તેતો તમને ઈચ્છે છે અપાર ॥૩૧॥
કાંતો ત્યાં જઈ દર્શન દીજે, નહિતો તેને તેડાવી યાં લીજે ।
ત્યારે એમ બોલ્યા મહારાજ, એતો સરવે છે ભક્તરાજ ॥૩૨॥
ઈયાં જાવાનું થાશે અમારે, નિશ્ચે માનજ્યો મને તમારે ।
રહેશું અમે તિયાં ઘણું ઘણું, કરશું મનમાન્યું એહતણું ॥૩૩॥
જ્યારે થાશે અમારું દર્શન, ત્યારે નહિ રહે બીજે મન ।
એમ જણાય છે વાત અમને, નિજભક્ત જાણી કહ્યું તમને ॥૩૪॥
સુણી માંચે એ સરવે વાત, થયા અતિ પોતે રળિયાત ।
એમ કરતાં થોડે ઘણે દને, આવ્યાં સરવે એ મળી દર્શને ॥૩૫॥
આવી નિરખ્યા નયણાં ભરી નાથ, જોઈ જીવન થયા સનાથ ।
જેવા જોયા નયણે નિરખી, તેવા લીધા છે અંતરે લખી ॥૩૬॥
જોયું મહારાજે હેતેશું જ્યારે, થયાં મને મગન જન ત્યારે ।

પછી સર્વે બોલ્યાં જોડી હાથ, અમે છીએ તમારાં હે નાથ ॥૩૭॥
અમ પર કરી હરિ મેર, આવો દયા કરી અમ ઘેર ।
એવી સાંભળી જનની વાત, થયા પ્રભુ પોતે રળિયાત ॥૩૮॥
તેહ વિના આવ્યાં બહુ જન, કરે નાથનાં સહુ દર્શન ।
આવ્યા દેશપ્રદેશના સંઘ, નરનારી જે અતિ અનઘ ॥૩૯॥
કરે પૂજા ગાય કીરતન, થાય કથા સુણે સહુ જન ।
દેશદેશનાં દર્શને આવે, આપે આજ્ઞા તળાવ ગળાવે ॥૪૦॥
એમ કરે નિત્ય નવી લીળા, દિયે સુખ કરી જન ભેળા ।
પછી સાધુને આપી છે શીખ, હવે ફરવા જાઓતો ઠીક ॥૪૧॥
પછી સંતને શીખજ આપી, રહેજ્યો નિર્ભય કહી પીઠ્ય સ્થાપી ।
સંત સધાવિયા નામી શિશ, પોતે પધાર્યા ગુર્જર દેશ ॥૪૨॥
ગયા સંત મળી ઝાલાવાડ્ય, આવી અસુરે રચાવી રાડ્ય ।
સર્વે સાધુને દુઃખ જ દીધાં, વળી વસ્ત્ર શાસ્ત્ર લુંટી લીધાં ॥૪૩॥
ત્રોડી માળા કરી બહુ જેલી, લીધાં તુંબડાં તિલક ઠેલી ।
જોરે ઠાકોરમૂરતિ લીધી, તેને ભાંગીને ખંડિત કીધી ॥૪૪॥
એટલું કરી અસાધુ ગયા, તોય સંત સંતપણે રહ્યા ।
પછી મુક્તાનંદ બોલ્યા મુખે, સંતો શોક તજી રહેજ્યો સુખે ॥૪૫॥
થયું ગમતું ગોવિંદતણું, જુવો જ્ઞાને શું ગયું આપણું ।
એમ કહી ચાલ્યા પ્રભુ પાસ, હતા ગુજરાત્યે અવિનાશ ॥૪૬॥
જઈ નિરખ્યા નયણે નાથ, જોઈ જીવન થયા સનાથ ।
સામું જોઈ રાજી થયા રાજ, કહો કેમ થયું મહારાજ ॥૪૭॥
ત્યારે સંત બોલ્યા કરભામી, સર્વે જાણો છો અંતરજામી ।
અસુરે બહુ દુઃખ જ દીધું, તેનું ઉપર કેણે ન કીધું ॥૪૮॥
પીડ્યા સંતને વાંક વિનાય, લોભી રાજાએ ન કર્યો ન્યાય ।
પછી સર્વે આવ્યા આંહિ મળી, હવે કહો કેમ કરીયે વળી ॥૪૯॥
કહે મહારાજ થયું એ સારું, એમ ગમતું હતું અમારું ।
એની માળા તિલકને મેલો, આપણે અલક્ષ્યપણે ખેલો ॥૫૦॥

એમ કહીને આવ્યા વેલાલ, રાખ્યા કાંઈક સંગે મરાલ ।
પછી બાંધી સંતની મંડળી, પોતે પધારીયા કચ્છ વળી ॥૫૧॥
એમ ઉધ્ધારવા બહુજન, ફરે સંત ને શ્રીભગવન ।
સહે ઉપહાસ જગ કેરી, તોયે ન કરે રીશ લેશ ફેરી ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે હરિચરિત્ર એ નામે
પચાસમું પ્રકરણમ્ ॥૫૦॥